# ‘સત્સંગ પ્રવીણ’ પરીક્ષાર્થીઓના માર્ગદર્શન માટે
# તેજસ્વી પરીક્ષાર્થી દ્વારા લખાયેલ જવાબવહી

## સત્સંગ પ્રવીણ - ૧

રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮ સમય : સવારે ૯ થી ૧૨ કુલ ગુણ :- ૧૦૦

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

☞ **પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે ‘બારકોડ’ દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ (તારીખ □□ મહિનો □□ વર્ષ □□□□)

પરીક્ષાર્થીનો અભ્યાસ ........................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઈઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ........................................

☞ **પાછળ લખેલી સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.**

**પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી**

................................

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧ (૬) | |
| | ૨ (૫) | |
| | ૩ (૪) | |
| | ૪ (૪) | |
| | ૫ (૮) | |
| | ૬ (૮) | |
| | ૭ (૭) | |
| | ૮ (૫) | |
| વિભાગ - ૧, કુલ ગુણ | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૯ (૯) | |
| | ૧૦ (૮) | |
| | ૧૧ (૮) | |
| | ૧૨ (૫) | |
| | ૧૩ (૮) | |
| વિભાગ - ૨, કુલ ગુણ | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧૪ (૧૫) | |
| વિભાગ - ૩, કુલ ગુણ | | |

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . . . . .

ચેકર - નામ

ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને ‘બારકોડવાળું’ ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યાં વગર પરત મોકલવું.

**પરીક્ષાર્થીઓને અગત્યની સૂચના :-**

૧. **આગળના મુખ્ય પૃષ્ઠ ઉપર પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે બારકોડ દર્શાવેલ છે, તેને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

૨. પરીક્ષાર્થીએ ખૂબ જ સ્પષ્ટ તથા સુંદર અક્ષરે આગળના પાનામાં માંગ્યા મુજબ વિગતો ભરવી ફરજિયાત છે.

૩. આપે ઉત્તરવહીમાં (જવાબવહીમાં) ક્યાંય કોઈ પણ જગ્યાએ આપનું નામ લખવાનું નથી.

૪. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

૫. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૬. પ્રશ્નના ગુણ → | ગુણ : ૧ | | ← પરીક્ષકે પ્રશ્ન તપાસીને મૂકવાના ગુણની જગ્યા

૭. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૮. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૯. **પરીક્ષા ખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

## *Important Instructions For Satsang Exam Students*

1. **Please do not damage in any way the bar code printed on the front page.**

2. Please write clearly and legibly.

3. Do not write your name on the answer book.

4. On the day of the Final Satsang Examinations, all examinees should obtain the signature of the class supervisor on the answer sheet bearing their own personal details only.

5. Answer books without the signature of the Class Supervisor will be considered **NOT VALID.**

6. Marks for Question → | 1 Mark | | ← Space for Examiner to write marks

7. **Write your answers with either a blue or black pen only. Answers written in pencil, or with a red, green or any other coloured pen will not be considered valid. Answers written in more than one coloured ink will not be considered valid.**

8. Follow the instructions while answering. Answers crossed out will not be considered valid.

9. Examinations taken at **unauthorized locations** or in which the exam rules have been violated will not be considered valid.

## વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના

**પ્રશ્ન.૧ નીચેનામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

૧. ઉપાસનાનું મહત્ત્વ
૨. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ
૩. સર્વથી પર અક્ષરધામ
૪. ગુણાતીત સંતનો મહિમા-પરોક્ષ ભક્ત કવિઓનાં પદોમાં તથા પરોક્ષ શાસ્ત્રોમાં

### ( ૧ ) ઉપાસનાનું મહત્ત્વ

**પ્રમાણ-૧** : કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે ઈત્યાદિક અનંત પ્રકારની મોટપ પામે છે તથા પરમપદને પામે છે; એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે, પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. માટે બીજાં સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું. **(વચ. ગ. પ્ર. ૫૬)**

**પ્રમાણ-૨** : ઉપાસનાથી મોક્ષ છે; ધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા કાંઈ મોક્ષ કરે તેમ નથી. **(સ્વા.વા.૫/૧૩૬)**

**પ્રમાણ-૩** : આપણી ઉપાસનાથી મોટાઈ છે ને ધર્મમાંથી લડથડે કે બીજાં સાધનમાંથી લડથડે, પણ ઉપાસના દૃઢ હોય તો જીવ લડથડે નહિ. **(સ્વા. વા. ૫/૭૦)**

ગુણ : ૩

### ( ૨ ) ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ

**પ્રમાણ - ૧ :** તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહિ. તેમાં જે ભગવાનને કામી સમજે છે તે પોતે અત્યંત કામી થઈ જાય છે, અને જે ભગવાનને ક્રોધી સમજે છે તે પોતે અત્યંત ક્રોધી થઈ જાય છે, અને જે ભગવાનને લોભી સમજે છે તે પોતે અત્યંત લોભી થઈ જાય છે ને ભગવાનને

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧ | | પ્ર-૨ | |
|---|---|---|---|---|

ઈર્ષાવાન સમજે છે તે પોતે અત્યંત ઈર્ષાવાન થઈ જાય છે. એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે તે તો જેમ સૂર્ય સામી ધૂળની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે, તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે. **(વચ. ગ. પ્ર. ૨૪)**

**પ્રમાણ - ૨ :** ભગવાનમાં મનુષ્યભાવ રહી જાય તો કલ્યાણ ન થાય. **(સ્વા. વા. ૫-૧૧૬)**

**પ્રમાણ - ૩ :** આ સાધુને વિષે મનુષ્યભાવ આવે છે, તેથી બીજું કાંઈ ભૂંડું નથી. **(સ્વા. વા. ૩-૩૬)**

| ગુણ : ૩ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

**ઉદાહરણ :** 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ; તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.'

**જવાબ :** ધામમાં અને પૃથ્વી ઉપર - બન્ને ઠેકાણે સદા સાકાર

૧. 'मूर्तं तत्रास्ति कृष्णस्य सेवायां दिव्यविग्रहम् ।' (ગુણ : ૧)

અક્ષરબ્રહ્મ : સાકાર, મૂર્તિમાન, સદા દિવ્યવિગ્રહ

૨. 'एकमेवाद्वितियं ब्रह्म ।' (ગુણ : ૧)

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ : એક અને અદ્વિતીય

૩. 'કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીતશું સેવે જ્યારે;
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે...' (ગુણ : ૧)

પ્રગટ ભક્તિનો મહિમા

૪. 'પુરુષોત્તમ ભગવાન... આત્મા ને (તથા) અક્ષર એ સર્વેના પ્રેરક છે ને સ્વતંત્ર છે ને નિયંતા છે ને સકળ ઐશ્વર્ય-સંપન્ન છે ને પર થકી પર એવું જે અક્ષર તે થકી પણ પર છે.' (ગુણ : ૧)

અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સંબંધ

૫. 'ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે.' (ગુણ : ૧)

દિવ્યભાવ સમજવાની આવશ્યકતા.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૩ | |
|---|---|---|

**પ્રશ્ન.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ભગવાનને સર્વ કર્તાહર્તા સમજવાની આવશ્યકતા. | ગુણ : ૨ | |

(૧) ☐ અં. ૨૧ (૨) ☑ વર. ૨ (૩) ☑ કા. ૧૦ (૪) ☑ પ્ર. ૬૨

૨. ઉત્પત્તિ સર્ગનો સાચો ક્રમ કયો છે ? | ગુણ : ૨ | |

(૧) ☑ બ્રહ્મા મરીચ્યાદિક પ્રજાપતિ-કશ્યપ પ્રજાપતિ

(૨) ☑ પરબ્રહ્મ-અક્ષરબ્રહ્મ-અક્ષરપુરુષ + મહામાયા

(૩) ☐ પ્રધાનપુરુષ-વિરાટપુરુષ-મન ઇન્દ્રિયોના દેવતા

(૪) ☐ ઇન્દ્રાદિક દેવતા-સ્થાવર જંગમ સૃષ્ટિ-દૈત્ય

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☐ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૪ નીચેનામાંથી કોઈ પણ એક પ્રસંગ વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

૧. શ્રીજીમહારાજને શરીરે ખૂબ ભાર લાગ્યો અને પરસેવો વળી ગયો.

૨. વાઘાખાચરે પૂછ્યું, 'સ્વામી, તમે પંડે અક્ષર ?'

૩. માલજી સોનીને ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાણ થઈ.

## ( ૧. ) શ્રીજીમહારાજને શરીરે ખૂબ ભાર લાગ્યો અને પરસેવો વળી ગયો.

**જ.** એક વખત ગુણાતીતાનંદ સ્વામી વડતાલમાં માંદા સંતોની અઢાર જેટલી ગોદડીઓ ધોઈને આવતા હતા, ત્યારે મહારાજ વાસણ સુથારને ત્યાંથી જમીને આવતા હતા. મંદિરના હનુમાનવાળા દરવાજે મળ્યા. સ્વામી વૃત્તિ દ્વારા મહારાજને મળ્યા, મહારાજ પણ ઊભા રહ્યા. મહારાજે પછી કહ્યું, 'ચાલશું હવે, સાધુરામ !' ત્યારે સ્વામીએ દૃષ્ટિ પાછી ખેંચી. સભામાં આવીને મહારાજ અકળામણ બતાવવા લાગ્યા. શરીરે પરસેવો થઈ ગયો એટલે પાર્ષદો પાણી લઈ આવ્યા, પંખો નાખ્યો. ત્યારે મહારાજે કહ્યું કે 'પેલા સાધુએ મારા ખભે ભાર નાખ્યો છે તે લઈ લો.' પછી ભગુજીએ ગોદડીઓ લઈ લીધી. પછી મહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને બોલાવીને કહ્યું કે 'આ સાધુને તમે કેવા સમજો છો ?' ત્યારે બધાએ કહ્યું કે એ તો તપસ્વી છે, સેવા બહુ કરે છે વગેરે. ત્યારે મહારાજ બોલ્યા કે એમ નહિ''સાણસામાં જેમ સાપને પકડે તેમ અમારી મૂર્તિને ત્રણેય અવસ્થામાં ઝાલી રાખી છે.' બીજાનાથી આવું થાય નહિ. એ તો અમારા અનાદિના સેવક છે. અમારે રહેવાનું અક્ષરધામ છે. એમની પાસે બીજા સંતો આવી સેવા કરાવે તે કેવું કહેવાય ? આમ મહારાજે પોતાના ધામરૂપ અક્ષરની ઓળખાણ આપી.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૪ | |
|---|---|---|

**સિદ્ધાંત :** શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીનો એકાત્મભાવ બતાવે છે. મહારાજની સ્વામી સાથેની એકાત્મતાનો આ પ્રસંગથી ખ્યાલ આવે છે.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૫ નીચેનામાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. નિરાકાર સમજવાથી ખોટ

૨. ધામમાં અને પૃથ્વી ઉપર બંને ઠેકાણે સદા સાકાર

૩. પ્રગટની ભક્તિ, એ જ શાંતિનો ઉપાય

૪. પ્રગટપણું-એક જ દ્વારા

**(૧) નિરાકાર સમજવાથી ખોટ :**

જો આપણે ભગવાનને નિરાકાર સમજીએ તો જે સ્વરૂપનું આપણે ધ્યાન કરીએ છીએ, ઉપાસના કરીએ છીએ, તેનું ખંડન થાય. તેથી શ્રીજીમહારાજે વચનામૃતમાં નિરાકાર સમજવાથી ખોટ બતાડી છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧, મધ્ય ૩૯ - ભગવાનને નિરાકાર સમજે તે તો પંચ મહાપાપ કરતાં અધિક પાપ છે. આ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી. લોકવ્યવહારમાં અને ભક્તિમાર્ગમાં ગમે તેટલો આગળ વધેલો હોય પણ ભગવાનને નિરાકાર સમજે તેને માટે શ્રીજીમહારાજ લો. ૧૬માં કહે છે કે બીજી રીતે ગુણ સંપન્ન હોય પણ ભગવાનને અલિંગ સમજે, મૂર્તિમાન ન સમજે તો તેના બધા ગુણ દોષરૂપ થઈ જાય છે. વળી નિરાકાર સમજવાથી થતા નુકશાન અંગે શ્રીજીમહારાજ કહે છે ગઢડા પ્રથમ ૬૪માં જે ભગવાનને નિરાકાર ગણીને ઉપાસના ભક્તિ કરે છે તે ભગવાન થકી કોઈ ઐશ્વર્યને પામતો નથી અને બ્રહ્મ સુષુપ્તિને વિષે લીન થાય છે અને તેમાંથી પાછો કોઈ દિવસ બહાર નીકળતો નથી.

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે જે ભગવાનને નિરાકાર સમજે છે તે તો શાસ્ત્રના અર્થને અવળા સમજનારા છે, કરનારા છે, તે તો અનંત જન્મો સુધી ત્રેતાયુગમાં દસ હજાર જન્મ સુધી, દ્વાપર યુગમાં હજાર વર્ષ સુધી અને કળિયુગમાં સો જન્મ સુધી ગર્ભમાંથી શસ્ત્રે કરીને કાપશે અને બાળો સાદ કરીને રોશે નહિ. આમ, અનંત કલ્પો સુધી દુઃખ ભોગવશે પણ સુખી તો નહિ જ થાય. (સ્વામીની વાત ૩/૧૬) આમ, ભગવાનને ક્યારેય નિરાકાર ગણવા ન જોઈએ અને તેના સાકાર સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા રાખવી જોઈએ.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૫ | |
|---|---|---|

| ગુણ : ૪ | |
|---|---|

(૩) **પ્રગટની ભક્તિ, એ જ શાંતિનો ઉપાય.**

એક વખત મુક્તાનંદ સ્વામીને અંતરે અશાંતિ રહેતી હતી. તેમણે મહારાજને શાંતિનો ઉપાય પૂછ્યો. મહારાજે પોતાના જન્મથી લઈને અત્યાર સુધીના તેમનાં ચરિત્રો કહેવા માંડ્યાં, પરંતુ મુક્તાનંદ સ્વામીને થયું કે મહારાજ બીજી વાતે ચડી ગયા છે. બીજે દિવસે પૂછ્યું તો પણ મહારાજે ફરી એ જ વાત કરી પણ મુક્તાનંદ સ્વામી સમજ્યા નહિ. મહારાજ કહે કે 'ગામડે ફરવા જાઓ, શાંતિ થશે.' મુક્તાનંદ સ્વામી તો ફરવા જવા નીકળ્યા. પાછળ નિત્યાનંદ સ્વામી ગયા ને સમજાવ્યું કે જેવી પ્રગટના ચરિત્રમાં શાંતિ છે, તેવી ક્યાંય નથી. મહારાજ તમને આ સમજાવવા માંગતા હતા પણ તમે ન સમજ્યા. આમ, મુક્તાનંદ સ્વામીને પોતાની ભૂલ સમજાઈ ને પ્રગટની ભક્તિમાં વૃત્તિ પરોવી.

વ્યાસજીએ ઘણાં શાસ્ત્રો રચ્યા છતાં અંતરે અશાંતિ રહેતી. પછી નારદજીના કહેવાથી શ્રીકૃષ્ણ ભગવાનનાં પ્રગટ ચરિત્રનો ગ્રંથ 'શ્રીમદ્ ભાગવત' લખ્યો ત્યારે શાંતિ થઈ.

સ્વરૂપાનંદ સ્વામીને મહારાજની પ્રત્યક્ષ મૂર્તિ કરતાં અંતરમાં દેખાતી મૂર્તિમાં વિશેષ લગની હતી. આથી મહારાજે તેમને સમજાવવા દેહમાં મંદવાડ પ્રેરી ને મૂર્તિ દેખાતી બંધ કરી દીધી. સ્વરૂપાનંદ સ્વામી મૂંઝાઈને મહારાજ પાસે આવ્યા. મહારાજ કહે, 'પર્વતભાઈ પાસે જાવ શાંતિ થઈ જશે.' પર્વતભાઈ પાસે જતાં તેમણે કહ્યું, 'દાદાખાચરના નળિયાનું ધ્યાન કરો.' આથી તેમને સમજાયું કે મહારાજના પ્રગટ સંબંધથી દાદાખાચરના નળિયા પણ બ્રહ્મભાવ પામી નિર્ગુણ બન્યા છે. આથી ભૂલ સમજાવાથી તેમણે પ્રત્યક્ષ મૂર્તિમાં લગની લગાડી.

| ગુણ : ૪ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૬ નીચેનામાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં ) (કુલ ગુણ : ૮)**

૧. શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પધરાવી છે. ૨. શીતળદાસ વ્યાપકાનંદ બન્યા.
૩. શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.' ૪. મોક્ષમાર્ગમાં અક્ષરબ્રહ્મ આવશ્યક છે.

(૧ ) આપણી ઉપાસના એટલે અક્ષરે સહિત પુરુષોત્તમની કહેતાં ભક્તે સહિત ભગવાનની ઉપાસના. એ જ

શુદ્ધ ઉપાસના. શ્રીજીમહારાજે કહ્યું છે જેવી સ્ત્રીને પોતાના પતિ સાથે પ્રીતિ હોય તેવી અન્ય પુરુષ સાથે ન હોય, જેવી પોતાના પતિ સાથે એકતા હોય તેવી બીજા પુરુષ સાથે ન હોય તેમ આપણે પણ પતિભાવે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની જ ભક્તિ કરવાની છે. આમ, આપણી ઉપાસના હંમેશાં બે ચરણની જ છે પણ આપણે છકી જવાની જરૂર નથી. બીજા અવતારો અને દેવો પ્રત્યે આદર રાખવાનો છે. બીજા અવતારો પ્રત્યે અણગમો કે ઘૃણા બતાવે તે શ્રીજીમહારાજને બિલકુલ ગમતું નથી. માટે શ્રીજીમહારાજ માટે અનન્ય નિષ્ઠા છતાં અવતારો પ્રત્યે આદર રાખવા કહે છે.

એટલે જ શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પધરાવી છે. વળી, તેઓ ભાગવત વગેરે શાસ્ત્રોની કથા પણ કરતા જેથી પ્રહ્‌લાદ, ધ્રુવ, નારદ વગેરે ભકતોનો મહિમા સમજાય.

અવતારોનાં દર્શન કરવા મુમુક્ષુઓ આવે તો તેમને આપણે શ્રીજીમહારાજનું માહાત્મ્ય સમજાવી શકીએ અને આપણા સંપ્રદાયની વૃદ્ધિ કરી શકીએ. અવતારોનાં દર્શન કરવા આવે, કથા-વાર્તા સાંભળે, સંપર્કમાં આવે તો ભાવ થાય અને પછી અક્ષરપુરુષોત્તમની ઉપાસના સમજાય.

| ગુણ : ૪ | |
|---|---|

(૨) શ્રીજીમહારાજના ગુરુ રામાનંદ સ્વામીની ખ્યાતિ બધે ફેલાઈ હતી. તેથી શીતળદાસ નામના મુમુક્ષુ તેમનાં દર્શને ફણેણી આવ્યા ત્યારે તેમણે જાણ્યું કે રામાનંદ સ્વામીએ દેહ મૂકી દીધો છે. તેથી તેઓ નિરાશ થઈ ગયા અને પાછા જવા તૈયાર થયા, પણ શ્રીજીમહારાજે તેમને થોડા દિવસ રોકાવા કહ્યું. તેરમાના દિવસે શ્રીજીમહારાજે શીતળદાસને સમાધિ કરાવી. એમાં જોયું કે અનંત અવતારો શ્રીજીમહારાજની પૂજા કરે છે. શીતળદાસને બધા અવતારોની પૂજા કરવાની ઇચ્છા થઈ. મહારાજે તેમને કહ્યું કે રામાનંદ સ્વામી સર્વોપરી ભગવાન હોય તો મારા અનંત રૂપ થાય તેવો સંકલ્પ કરો. પણ

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૬ | |
|---|---|---|

શીતળદાસના અનંત રૂપો ન થયા. પછી મહારાજે કહ્યું જો શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન હોય તો મારા અનંત રૂપો થાય તેવો સંકલ્પ કરો. તેથી શીતળદાસે એવો સંકલ્પ કર્યો, જેથી તેમના અનંત રૂપો થયા અને તે અનંત રૂપો થકી તેમણે અનંત અવતારોની પૂજા કરી.

સમાધિમાંથી જાગ્યા પછી શીતળદાસ શ્રીજીમહારાજના પગમાં પડી ગયા. તેમને શ્રીજીમહારાજના સર્વોપરીપણાનો ખ્યાલ આવી ગયો. તેમણે શ્રીજીમહારાજને પગમાં પડીને પોતાને સ્વીકારવા વિનંતી કરી. શ્રીજીમહારાજે તેમને સાધુ બનાવ્યા અને તેમને 'વ્યાપકાનંદ સ્વામી' નામ આપ્યું. આ રીતે શીતળદાસ વ્યાપકાનંદ સ્વામી બન્યા.

ગુણ : ૪

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યની પૂર્તિ કરો. (કુલ ગુણ : ૭)**
(ઉપાસનામાં શું સમજવું ?)

૧. **શ્રીજીમહારાજ સદાય પોતાના** અક્ષરધામની મધ્યમાં સિંહાસન ઉપર અનંત કોટિ મુક્તોએ સેવ્યા થકા વિરાજમાન છે. પોતે ધામમાં રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડોમાં પ્રકાશી (રૂપ ધરી) શકે છે. તેઓ જે કાંઈ ગ્રહણ કરે તેને અમાયિક અને **નિર્ગુણ કરી મૂકે છે.**

ગુણ : ૧

૨. **પુરુષોત્તમનું** અન્વય - વ્યતિરેકપણું અને અક્ષરબ્રહ્મનું અન્વય-વ્યતિરેકપણું **ભિન્ન ભિન્ન છે.**

ગુણ : ૧

૩. **મુક્તિ અવસ્થામાં** જીવાત્મા તથા ઈશ્વરાત્મા, બ્રહ્મરૂપ મુક્ત થાય છે. મુક્તિ પામનાર જીવાત્મા તથા ઈશ્વરાત્માને દેહ મૂક્યા પછી પુરુષોત્તમ નારાયણ ભાગવતી તનુ આપે છે. તેણે કરીને તે મુક્તો પુરુષોત્તમની સેવા-ભક્તિ કરે છે. બ્રહ્મરૂપ થાય છે તે પુરુષોત્તમરૂપ થાય છે. કહેતા અક્ષરમુક્તનો આકાર પણ પુરુષોત્તમ

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૭ | |
|---|---|---|

જેવો જ દિવ્ય થઈ જાય છે. પુરુષોત્તમ નારાયણના કલ્યાણકારી ગુણો પણ તે મુક્તો પ્રાપ્ત કરે છે, પરંતુ મુક્તો કાંઈ સાક્ષાત્ પુરુષોત્તમ થઈ જતા નથી. પુરુષોત્તમનું પરપણું-**સર્વોપરીપણું તો રહે જ છે.**

ગુણ : ૧

૪. **અન્ય અવતારો** પુરુષોત્તમની પ્રેરણા અને પ્રવેશથી જ થાય છે. તેઓ તો પુરુષોત્તમની જ ઉપાસના કરે છે. એટલે કે અન્ય અવતારો અને સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ વચ્ચે અવતાર-અવતારી એવો **સ્પષ્ટ ભેદ છે.**

ગુણ : ૧

(ઉપાસનામાં શું ન સમજવું ?)

૧. **એકલા અક્ષરબ્રહ્મ** જ છે. પુરુષોત્તમ પણ તેમાં જ રહ્યા છે, અને તે દ્વારે જ રહી શકે છે. અર્થાત્ સ્વરૂપ-સ્વરૂપી ભેળા છે, **તેમ ન સમજવું.**

ગુણ : ૧

૨. **શિક્ષાપત્રી અને** વચનામૃતના શબ્દો દેશકાળબાધિત (મર્યાદિત) છે. તે હંમેશાં સર્વદેશી-સર્વગ્રાહ્ય નથી. તેથી તેમાં ફેરફાર કરી શકાય છે, **તેમ ન સમજવું.**

ગુણ : ૧

૩. **સદ્ગુરુ ગુણાતીતાનંદ** સ્વામી ઉપરાંત બીજા પરમહંસોને પણ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ કહી શકાય **તેમ ન સમજવું.**

ગુણ : ૧

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો** ☞ [ ] ☜ **ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

**પ્રશ્ન.૮** ગુણાતીત સંતનાં લક્ષણો. **(કુલ ગુણ : ૫)**

ગુણાતીત સંતનાં લક્ષણો અનેક વચનામૃતોમાં શ્રીજીમહારાજે દર્શાવ્યાં છે.

(૧) ગઢડા મધ્ય-૨૩ :- જેનું મન ભગવાનમાં આસક્ત છે, અને વિષયના યોગે ટાઢું-ઊનું નથી થતું, તેને જ સાધુ જાણવા.

(૨) ગઢડા પ્રથમ-૪૪ :- જ્યાં સુધી વર્ણ અને આશ્રમનું માન રહે છે, ત્યાં સુધી સાધુપણું આવતું નથી.

માટે દેહ અને દેહના સંબંધીમાંથી અહં-મમત્વ છોડીને, સ્વસ્વરૂપમાં રહીને, વૈરાગ્યયુક્ત થઈને ભગવાનની ભક્તિ કરે છે તે જ સાધુ છે.

(૩) તુલસીદાસ સાચા સંતનાં લક્ષણ બતાવતાં રામાયણમાં કહે છે :

નારી નયન શર જાહિ ન લાગા, ઘોર ક્રોધ તમ નિશિ જો જાગા;
લોભ પાશ જેહિ ગર ન બંધાયા, સો નર તુમ્હ સમાન રઘુરાયા.

(૪) ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાત ૫/૧૪૩માં સાચા સંતનાં લક્ષણ બતાવતાં કહે છે 'પુષ્પાહારાય સર્પાય' એવું વર્તે. સત્સંગીજીવનમાં અર્થ કહ્યા છે, તેવા હોય, પોતે અનેકને ભગવાન ભજાવે અને પોતે શુદ્ધ રહે.

(૫) ગઢડા અંત્ય-૨૭માં મહારાજ કહે છે, જે જગ્યાએ નિર્માન, નિષ્કામ, નિર્લોભ, નિઃસ્નેહ, નિઃસ્વાદ વગેરે લક્ષણ સાધુમાં હોય તેને અને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય.

(૬) ગઢડા મધ્ય-૫૪માં મહારાજ કહે છે, સ્વધર્મ યુક્ત, જ્ઞાન, વૈરાગ્ય અને મહિમા સહિત નિશ્ચય ભક્તિ હોય તેવા સંત થકી જ મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.

(૭) ગઢડા અંત્ય-૩૮માં કહે છે, 'દેહાભિમાન રહિત, વૈરાગ્યયુક્ત સાધુ હોય, સ્વધર્મમાં રહીને ભગવાન ભજતા હોય તેવા સંતમાં જીવ જડી દેવો અને મન, વચન, કર્મે તેમાં જોડાવું.'

(૮) ગઢડા પ્રથમ-૨૬માં કહે છે, જે સાધુ દેહ ઈન્દ્રિયોને કાબૂમાં રાખીને વર્તતા હોય તેને મનુષ્ય જેવા ન જાણવા કે દેવ જેવા ન જાણવા. આવી ક્રિયા મનુષ્ય કે દેવમાં હોય નહી, તેવા સંતને સાક્ષાત્ ભગવાન જાણવા.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

## વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩, યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ

**પ્રશ્ન.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''તમને કોઈ ન ઓળખે એવા કરી દઈએ તો ?'' **અથવા**

૨. ''હવે થોડું થોડું ઘી રોટલીમાં જમો.''

( ૧ ) **કોણ કહે છે ?** મહારાજ **કોને કહે છે ?** લાલજી ભક્તને

**ક્યારે કહે છે ?** મહારાજે આધોઈ ગામમાં આવીને ભૂખ લાગી છે એમ કહીને ગામમાં એક હરિભક્તને ત્યાં ભિક્ષા માંગવા જવાનું કહે છે, ત્યારે લાલજી ભક્ત કહે છે કે આ ગામમાં તો મારું સાસરું છે. અહીં મને બધા ઓળખે. મારે કેમ કરી ભિક્ષા માંગવી ત્યારે કહે છે. ગુણ : ૩

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૯ | |
|---|---|---|

૩. ''તું આવો રૂપાળો અને હજુ નાનો છું ત્યાં તને આ શું સૂઝ્યું છે ?'' **અથવા**

૪. ''આપનો ધર્મ સત્સંગ વધારવો, સાચવવો અને તેની પુષ્ટિ કરવી એ જ છે.''

( ૩ ) **કોણ કહે છે ?** કલ્યાણદાસ **કોને કહે છે ?** મુકુંદદાસ

**ક્યારે કહે છે ?** મુકુંદદાસ બ્રહ્મચર્યવ્રત પાલન માટે ગુરુ શોધતા હતા ત્યારે પહેલાં દ્વારકાદાસ પાસે જતાં તેમને તે કલ્યાણદાસ પાસે મોકલે છે. કલ્યાણદાસને એકાંતમાં મળી બ્રહ્મચર્યવ્રત સિદ્ધ કરાવો એમ કહે છે ત્યારે કહે છે.

| ગુણ : ૩ | |
|---|---|

૫. ''જાવ, કશું નહીં થાય, બધું મટી જશે !'' **અથવા**

૬. ''મારે ગામ આપ પધારોને !''

( ૫ ) **કોણ કહે છે ?** સ્વામીશ્રી (પ્રમુખસ્વામી) **કોને કહે છે ?** રતનસિંહને

**ક્યારે કહે છે ?** રતનસિંહને ચામડીનો અસાધ્ય રોગ થયો હતો. આખું શરીર પરુવાળું હતું. નડિયાદની હૉસ્પિટલમાં સ્વામીશ્રી તેમની ખબર જોવા આવે છે. તેમના પરુવાળા શરીર પર હાથ ફેરવે છે અને આશીર્વાદ આપતાં કહે છે.

| ગુણ : ૩ | |
|---|---|

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો** ☞ [ ] ☜ **ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

**પ્રશ્ન.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને ધરમપુર મોકલ્યા. **(સ.વા. ૩)** **અથવા**

૨. ભગા દોશીને સત્સંગ કરવાની કાયમની સાનુકૂળતા થઈ ગઈ. **(સ.વા. ૩)**

( ૧ ) શ્રીજીમહારાજના સંત પરમચૈતન્યાનંદ સ્વામી ફરતાં ફરતાં ધરમપુર આવે છે. ત્યાં ધર્મશાળામાં સદાવ્રત જમીને આરામ કરે છે. ધરમપુરનાં કુશળકુંવરબા રોજના નિયમ પ્રમાણે સંતો, બાવા, વૈરાગી, તીર્થવાસીના ચરણ સ્પર્શ કરતાં કરતાં સ્વામી પાસે આવે છે, ત્યારે સ્વામી આઘા ખસી ગયા અને કહ્યું કે 'અમે સ્ત્રીઓથી દૂર રહીએ છીએ. અમને અડશો નહિ.' રાણીએ પૂછ્યું કે 'તમે કોના સાધુ છો ?' ત્યારે સ્વામી કહે છે 'અમે સ્વામિનારાયણના સાધુ છીએ. એ પ્રગટ ભગવાનનો અવતાર છે.' કુશળકુંવરબાના અંતરમાં ઝબકારો થયો અને મહેલમાં આવવાનું આમંત્રણ આપે છે. બીજા દિવસે રાજ્યના માણસો સાથે સ્વામી મહેલમાં આવે છે. સ્વામીએ મહારાજનાં સ્વરૂપની અને મહિમાની ઘણી વાતો કરી. તેથી રાણીને મહારાજનો નિશ્ચય થયો. કુશળકુંવરબા સ્વામી માટે રોજ નિત્ય નવા થાળ મોકલાવે. તેમના પૌત્ર સાથે હાથી પર બેસાડી હનુમાનગઢીએ લઈ જાય. આ વાત મહારાજે ગઢડામાં જાણી ત્યારે બે સંતોને પાછા બોલાવવા મોકલે છે. સંતો ઘણું કષ્ટ વેઠીને ધરમપુર પહોંચીને સ્વામીને મહારાજનો સંદેશો આપે છે, પણ સ્વામીએ નામરજી બતાવી. સંતોએ ગઢડા આવીને મહારાજને વાત કરી. એટલે મહારાજ કહે છે 'હાથી ખૂંત્યો હોય તે હાથી જાય ત્યારે જ નીકળે.' પછી મુક્તાનંદ

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૦ | |
|---|---|---|

સ્વામીને બોલાવ્યા અને કહ્યું કે 'પરમચૈતન્યાનંદ સ્વામી તમારા થકી જ પાછા આવશે માટે તમે ધરમપુર જાઓ.' આમ, શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને ધરમપુર મોકલ્યા.

ગુણ : ૪

૩. યુવાન સ્વામીશ્રીના ખોળામાં માથું મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. **અથવા**

૪. મંગળ અને તેના દીકરાઓ પૂજા કરતા થઈ ગયા.

( ૪ ) ભરૂચ જિલ્લામાં આમોદ પાસે ભીમપુરા નામનું નાનું ગામ. ચુનીભાઈ સરપંચને ત્યાં મંગળ નોકર હતો. પ્રમુખસ્વામી મહારાજ ચુનીભાઈને ત્યાં ઊતર્યા હતા. રાત્રે સભા પછી ૧૧-૩૦ વાગે સ્વામી પેશાબ કરવા ફળિયામાં પાછળ જતા હતા, ત્યારે બીડી પીતા નોકરને જોઈ સ્વામીએ પૂછ્યું, 'તું શું કરે છે ? નામ શું છે ?' વગેરે. તેણે કહ્યું, 'હું ચુનીભાઈને ત્યાં ચાકર છું અને મારું નામ મંગળ છે' સ્વામીએ કહ્યું, 'બહુ સરસ નામ છે. હવે બીડી પીતો નહિ. શરીર બગાડે અને પૈસા પણ બગાડે. બીજું કાંઈ વ્યસન છે ?' મંગળે ના કહી. સ્વામીએ તેને પૂછ્યું કે 'કેટલા પુત્રો છે ?' મંગળે કહ્યું કે બે. સ્વામીએ કહ્યું, 'તેમને વ્યસન છે કે કેમ ?' મંગળે કહ્યું તે દારૂ પીએ છે. સ્વામીએ સવારે મંગળને તેના પુત્ર સાથે આવવા કહ્યું. સવારે સ્વામીએ મંગળ અને તેના પુત્રને વ્યસન ન કરવાનું જળ મુકાવ્યું, કંઠી પહેરાવી સત્સંગી કર્યા અને માળા ફેરવવાનું કહ્યું. કોઈ પણ સંબંધ વગર સ્વામીશ્રીએ અનહદ કૃપા કરી તેઓને વ્યસન મુક્ત કરી દીધા. તેઓને ગુણ આવવાથી તેઓ પૂજા કરતા થઈ ગયા.

ગુણ : ૪

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો** ☞ [ ] ☜ **ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

**પ્રશ્ન.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. પર્વતભાઈની હરિભક્તો પ્રત્યેની આત્મબુદ્ધિ **અથવા**

૨. મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજના સ્વરૂપમાં થયેલ પ્રતીતિ

( ૧ ) શ્રીજીમહારાજ પર્વતભાઈના વખાણ ઘણી વખત કાઠી હરિભક્તો આગળ કરતા. કાઠીઓને પણ આવા ભક્તનાં દર્શનની ઈચ્છા રહેતી. મહારાજ એક વખત જૂનાગઢ આવ્યા ત્યારે પર્વતભાઈને ત્યાં અગતરાઈ કાઠી દરબારો સાથે આવે છે. પર્વતભાઈ તો મહારાજને જોઈને હરખઘેલા થઈ ગયા અને

મહારાજના ચરણ ચાંપવા બેસી ગયા. કાઠીઓએ ઘોડાના ચારા માટે આમતેમ ફાંફા મારવા પડ્યા. પછી મહારાજ પાસે આવીને ફરિયાદ કરી ત્યારે મહારાજે પર્વતભાઈને બધી જોગવાઈ કરવા કહ્યું. પર્વતભાઈ કહે, 'મહારાજ, ઘરના ધણી આવે પછી ચાકરને શી ચિંતા ?' મહારાજ કહે, 'હવે મારે તમારી ફિકર કરવાની.' પછી પર્વતભાઈએ વાડામાં ઘાસ અને બાજરીની કોઠીઓ બતાવી. કાઠીઓએ તો પાવડા ભરીને ઘોડાને બાજરી નાખી. વાડામાં ઘોડાને છૂટા મૂકી દીધા. આ જોઈ મહારાજે મીઠો ઠપકો આપ્યો અને બધાને રીતમાં વર્તાવ્યા. પર્વતભાઈનો ભાવ જોઈ મહારાજને કાઠીઓને ખાંતીએ જમાડવાની ઇચ્છા થઈ. કાઠીઓને તો ઘી, ગોળ, ચોખા મળે એટલે વાહ વાહ થઈ જાય. રસોઈ તૈયાર થઈ એટલે પહેલાં મહારાજને જમાડ્યા. પછી ફળિયામાં કાઠીઓની પંક્તિ થઈ. મહારાજ ઘીની તાંબડી લઈને નીકળ્યા. પર્વતભાઈએ કહ્યું કે 'મહારાજ ! ઘીની ધાર પાછી ખેંચો તો મારા સમ છે.' કાઠીઓએ પણ એવું નકકી કરેલું કે મહારાજ પીરસે એટલું પીરસવા દેવું, પાછા પડવું નહિ. અને મહારાજ પણ કાઠીઓને હાં-હાં કરી ગર્જના કરે ત્યારે જ આગળ જાય. વળી, ઘીની ધાર પાછી ખેંચે નહિ, એટલે ઘી વચ્ચે ઢોળાય. આ જોઈ પર્વતભાઈ ફેરફુદરડી ફરતા જાય અને બોલતા જાય 'મારા વાલાની લીલા તો જુઓ, આવી લીલા તો ક્યારેય નહોતી કરી.' કાઠી દરબારો પણ આ જોઈ બોલી ઊઠ્યા, 'વાહ ! પર્વત વાહ! બીજો પર્વત ચલાયમાન થાય પણ આ પર્વત ચલાયમાન થાય નહિ.' તેવી જ રીતે એક વખત સદાવ્રત માટે મહારાજે રમૂજમાં કહેલું કે દાણાની ખેંચ પડે છે, તો પર્વતભાઈ પોતાના ઘેરથી જેટલું હતું તેટલું બધું જ લગભગ સોળ કળશી જેટલું અનાજ આઠ-દસ ગાડા ભરીને લાવ્યા હતા.

| ગુણ : ૪ | |
|---|---|

૩. પ્રમુખસ્વામી મહારાજનું વણથંભ્યું વિચરણ **અથવા**
૪. પ્રાર્થનામાં પ્રમુખસ્વામી મહારાજની શ્રદ્ધા

( ૪ ) પ્રમુખસ્વામી મહારાજ એક વખત લંડનમાં હતા. સેવક સંત તેમની બાજુમાં સૂતા હતા. કંઈક અવાજ સાંભળીને ઊઠ્યા, જોયું તો સ્વામીશ્રી 'સ્વામિનારાયણ'ની ધૂન એકદમ ધીમા અવાજે કરી રહ્યા હતા. સેવક સંત પણ તેમની સાથે ધૂન કરવા લાગ્યા. ઘણો સમય પસાર થયો એટલે તેમની ધીરજ ખૂટી અને સ્વામીશ્રીને ધીરેથી જગાડીને પૂછ્યું કે સ્વામીશ્રી પોઢવું નથી ? પહેલાં તો સ્વામીશ્રી સંકોચાઈ ગયા. સેવક સંતે પૂછ્યું કે આપ શેની ધૂન કરો છો ? બહુ આગ્રહ કરવાથી કહ્યું કે 'ભારતમાં દુષ્કાળ છે તો વરસાદ થાય, સુકાળ થાય તથા પશુ-પક્ષી અને મનુષ્યો સુખી થાય તેના માટે પ્રાર્થના કરું છું, સ્વામીશ્રી આવી પ્રાર્થના ક્યારેક રાત્રે પણ કરતા. જે લોકો દિવસ દરમ્યાન તેમના પ્રશ્નો

લઈને આવે છે તેમના માટે કરતા. પછી અમદાવાદમાં સ્વામિનારાયણ દ્વિશતાબ્દી વખતે તોફાનો ચાલુ હતાં. શહેરમાં કર્ફ્યુ હતો, છતાં ઉત્સવની ઉજવણી થઈ રહી હતી. પત્રકારોએ સ્વામીશ્રીને પૂછ્યું ત્યારે કહ્યું કે 'અમે ગુજરાતમાં શાંતિ થાય એના માટે પ્રાર્થના કરી છે.' પત્રકારોએ કહ્યું કે તમારી સંસ્થાએ લત્તે લત્તે જઈ શાંતિ માટે કાંઈ કર્યું છે ? તો સ્વામીશ્રી કહે કે 'અમારી પ્રાર્થના કામ કરે જ છે. પ્રાર્થનાથી કામ થશે.' એ જ દિવસે સ્વામીશ્રીએ જાહેરમાં શ્રીજીમહારાજનાં ચરણોમાં પ્રાર્થના કરતાં કહ્યું કે 'રાજનેતા અને વિદ્યાર્થીઓમાં સમાધાન થાય એવી મહારાજનાં ચરણોમાં પ્રાર્થના.' વળી, ગુજરાતની જનતાને પણ શાંતિ રાખવા વિનંતી કરી. બીજે જ દિવસે કોઈ પણ જાતની પૂર્વશરત વગર વિદ્યાર્થીઓએ અનામત આંદોલન પાછું ખેંચી લીધું. દોઢ-બે મહિનાથી ઝનૂને ચઢેલા વિદ્યાર્થીઓ અને રાજનેતા વચ્ચે સમાધાન થયું. સમાચારપત્રોમાં સ્વામીશ્રીનો ઈન્ટરવ્યૂ અને બીજુ બાજુ આંદોલનની સમાપ્તિના સમાચાર. પત્રકારોને હવે લાગ્યું કે પ્રાર્થનામાં કેટલી શક્તિ છે. સ્વામીશ્રીને પણ પ્રાર્થનામાં શ્રદ્ધા હતી તો કામ થયું. ગુણ : ૪

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્રશ્ન.૧૨ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

૧. શિવલાલ શેઠ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા સાંખડાવદરના બીડમાં જતા ત્યારે શું ખાઈ લેતા ? ગુણ : ૧

શિવલાલ શેઠ સાંખડાવદરના બીડમાં જતા ત્યારે ફોતરાં સોતી કાળી અડદની દાળ ને રોટલો જમી લેતા.

૨. રઘુવીરજી મહારાજે કોની પ્રેરણાથી અચિંત્યાનંદ બ્રહ્મચારીને ગ્રંથ રચવા આજ્ઞા કરી ? તે ગ્રંથ કયો ? ગુણ : ૧

રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની પ્રેરણાથી અચિંત્યાનંદ બ્રહ્મચારીને હરિલીલાકલ્પતરુ ગ્રંથ રચવા આજ્ઞા કરી.

૩. મહારાજની ધર્મપુરથી વિદાય પછી કેટલામે દિવસે કુશળકુંવરબાએ દેહત્યાગ કર્યો ? ગુણ : ૧

મહારાજની ધર્મપુરથી વિદાય પછી પંદરમે દિવસે કુશળકુંવરબાએ દેહત્યાગ કર્યો.

૪. પ્રમુખસ્વામી મહારાજનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? (તિથિ) ગુણ : ૧

પ્રમુખસ્વામી મહારાજનો જન્મ ચાણસદમાં સંવત ૧૯૭૮ના માગશર સુદ આઠમ ના રોજ થયો હતો.

૫. પ્રમુખસ્વામી મહારાજ ભવિષ્ય વિષે કેવી આગાહી કરે છે ? ગુણ : ૧

ભગવાન ભજશે અને તેમના નિયમ પાળશે તો ભવિષ્ય સારું જ છે.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૩ | |
|---|---|---|

**પ્રશ્ન.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નિષ્કુળાનંદ સ્વામીએ રચેલ ગ્રંથો અને કીર્તનો | ગુણ : ૨ | |

(૧) [ ] સતીગીતા (૨) [✓] ચોસઠપદી

(૩) [✓] સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ... (૪) [ ] અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...

૨. ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ કરાવી હોય તેવા સંતો-હરિભક્તો | ગુણ : ૨ | |

(૧) [✓] જાગા ભક્ત (૨) [ ] આચાર્ય અયોધ્યાપ્રસાદજી

(૩) [✓] શિવલાલ શેઠ (૪) [ ] વાઘા ખાચર

૩. પ્રમુખસ્વામી મહારાજનું નિર્લોભીપણું દર્શાવતા પ્રસંગો | ગુણ : ૨ | |

(૧) [ ] સ્વામીશ્રીએ સારંગપુરમાં ગંદાં-ગંધાતાં સંડાસ સાફ કર્યાં.

(૨) [✓] કાર્લોસ વેગા સાથે વાર્તાલાપ

(૩) [✓] દારેસલામના ઍરપોર્ટ અધિકારીઓને થયેલું આશ્ચર્ય

(૪) [ ] સ્વામીશ્રીએ ચોરને મારવાની ના પાડી.

૪. પ્રમુખસ્વામી મહારાજનાં ઉપદેશ વચનો | ગુણ : ૨ | |

(૧) [✓] બીજાના ભલામાં જ આપણું ભલું છે.

(૨) [ ] જીવનમાં ધીરજ નહિ હોય તો સંપત્તિને ખાખ થતાં વાર નહિ લાગે.

(૩) [✓] ભગવાનને ત્યાં ઊંચ-નીચના ભેદભાવ નથી.

(૪) [ ] દેહને નરક નહીં સ્વર્ગ બનાવવાનું છે.

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો** [ ] **ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

## વિભાગ - ૩ : નિબંધ

**પ્રશ્ન.૧૪ નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

૧. B.A.P.S.ની પ્રગતિનું રહસ્ય - સિદ્ધાંત ૨. ગુરુની આવશ્યકતા અને મહત્તા

૩. જીવનમાં એકાંતિક ધર્મનું પોષક - જીવનચરિત્રોનું વાંચન

( ૨ ) જેમ સંસાર અને વ્યવહારમાં કોઈ પણ વસ્તુ શીખવા માટે તેના જાણકાર અથવા બીજા શબ્દોમાં કહીએ તો ગુરુની જરૂર પડે છે, તે જ રીતે આધ્યાત્મિક માર્ગમાં, સાધનામાં ગુરુ અતિ આવશ્યક છે.

'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ. જે ગુરુ માયાના ઘોર અંધકારમાંથી દૂર કરીને આપણા જીવનમાં, આપણા અંતરમાં પ્રકાશ કરે છે, તે જ સાચા ગુરુ છે. વર્તમાનકાળે આપણને મળેલા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ આવા જ ગુરુ છે. જેમને અનેક પતિત અધમ જીવોના અંતરમાંથી અંધકાર દૂર

કરી જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવ્યો છે.

યુરોપના પ્રખ્યાત નાસ્તિકવાદી લેખક બટ્રાન્ડ રસેલ કહે છે ‘ભારતના સંતો નિરર્થક જીવન જીવે છે’ પણ એવું નથી તેઓ તો અસંખ્ય માણસોની જિંદગી સુધારે છે. તેમની આવશ્યકતા સમાજ જીવનમાં ઓછી ન આંકી શકીએ.

આધ્યાત્મિક સાધનામાં ઘણી વખત મુમુક્ષુને મૂંઝવણ આવે છે. ઘણી વખત સાધનામાં પ્રગતિ અટકી જાય છે અથવા સાધનામાંથી પાછા પડવાનું થાય છે. આ સમયે ગુરુ પોતાના શિષ્ય, સાધકને તેની મૂંઝવણમાંથી બહાર કાઢીને તેની પ્રગતિ ચાલુ રખાવે છે અને ઠેઠ ભગવાન સુધી પહોંચાડે છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને કોઈએ પૂછ્યું કે ભરતજી ઊંચી સાધનાવાળા હતા છતાં કેમ મૃગલામાં બંધાય ગયા ? ત્યારે યોગીજી મહારાજે તેમને જવાબ પોતાની લાક્ષણિક ભાષામાં આપ્યો, ‘ગુરુ ! તેમને ગુરુ નહોતા મળ્યા, તેથી આવી દશા થઈ.’ બીજા એક પ્રખ્યાત ચિંતકે ગુરુની આવશ્યકતા વિષે કહે છે ગુરુ catalyst (ઉદ્દીપક) જેવા છે. જેમ કોઈ કેમિકલ રીએકશન ઉદ્દીપકની હાજરી વગર પૂરું થતું નથી, તેમ ગુરુ વિના ભગવાનનો સાક્ષાત્કાર થતો નથી અને સાધના પણ પૂર્ણ થતી નથી. આમ, આધ્યાત્મિક માર્ગમાં ગુરુ આવશ્યક છે જ. ગુરુની મહત્તા વિશે વિચારીએ તો આપણા ઈતિહાસમાં, ધર્મશાસ્ત્રોમાં, પુરાણોમાં ગુરુની મહત્તા દર્શાવતાં અનેક ઉદાહરણો જોવા મળે છે. સત્યાકામ જાબાલિએ પોતાના ગુરુમાં વિશ્વાસ રાખ્યો અને સેવા કરી તો તે ગાય ચરાવતાં ચરાવતાં જ્ઞાનની સ્થિતિ પામ્યો. જનક રાજા મોટા રાજા હતા અને આખું રાજ્ય ચલાવતા હતા પણ તેમના ગુરુ અષ્ટાવક્રના જ્ઞાનના કારણે આખી મિથિલામાં મારું કાંઈ બળતું નથી તેવી સ્થિતિ થઈ હતી.

પરિક્ષિત રાજાને શાપ થયો અને તેનું સાત દિવસમાં મૃત્યુ નિશ્ચિત હતું, પરંતુ શુકજીએ ફક્ત સાત દિવસમાં તેમને ભાગવતરૂપી જ્ઞાન આપી મોક્ષ કરાવ્યો. છત્રપતિ શિવાજીને તેમના ગુરુ રામદાસ સ્વામીએ પ્રેરણા આપી અને તેમણે મહારાષ્ટ્રની પ્રજાને મુસ્લિમ રાજાઓના ત્રાસમાંથી મુક્ત કરી.

મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમને તો એક જન્મ-મરણનો રોગ ટાળતા આવડે છે, બીજું કશું આવડતું નથી. સાચા ગુરુની મહત્તા બાહ્ય દેખાવ, શાસ્ત્રોનું વાચ્યાર્થ જ્ઞાન, બાહ્ય આચાર કે કોઈ ચમત્કાર કે મંત્ર વડે નથી પણ તેને શિષ્યોનો જન્મ-મરણનો રોગ ટાળતાં આવડે છે કે નહિ તે

પરથી જ નક્કી કરાય.

વર્તમાનકાળે આપણને પરમ પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજ ગુરુ સ્વરૂપે મળ્યા છે. અત્યાર સુધી અનેક લોકોનો જન્મ-મરણનો રોગ ટાળીને તેમને અક્ષરધામ પમાડ્યું છે અને અત્યારે ૮૭ વર્ષની ઉંમરે પણ ગામોગામ વિચરણ કરીને અનેકનો જન્મ-મરણનો રોગ ટાળે છે.

માટે આપણે તેમની ગુરુ તરીકેની મહત્તા સમજી મન-વચન-કર્મે તેમાં જોડાઈને જીવ જોડી દઈને, બ્રહ્મરૂપ થઈને અક્ષરધામને પ્રાપ્ત કરીએ તો જ આપણા ગુરુની મહત્તા આપણે સિદ્ધ કરી કહેવાય.

**નોંધ :- નિબંધ એ મુક્ત વિષય છે. પરીક્ષાર્થી આ તેજસ્વી પરીક્ષાર્થીએ લખેલ નિબંધ કરતા પણ વધુ સારી મહેનત અને સારી તૈયારી કરીને આનાથી વધુ સુંદર લખી શકે છે. તે જ રીતે અન્ય ઉત્તરો પણ વધુ સારા લખી શકે છે.**